# સીઆરપીએફ જવાનોની પોસ્ટ પર ગ્રેનેડ હુમલો

**એક જવાન ઘાયલ : ત્રાસવાદીઓ દ્વારા ફરી હિંસા ફેલાવવા પ્રયાસ : આતંકવાદીઓ ગ્રેનેડ હુમલો કરીને ફરાર થતા હાઈએલર્ટ**

પુલવામા, તા. ૩૦
દક્ષિણ કાશ્મીરના પુલવામા જિલ્લામાં આતંકવાદીઓએ આજે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની એક બ્રાંચની બહાર સીઆરપીએફની પોસ્ટ ઉપર હુમલો કરી દીધો હતો. પોસ્ટ ઉપર કરવામાં આવેલા એક હુમલામાં જવાનને ઈજા થઈ હતી. ત્યારબાદ મોટુ સર્ચ ઓપરેશન ચાલ રહ્યું છે. આતંકવાદઓ ઘટના સ્થળથી ફરાર થઈ ગયા હોવાથી આસપાસના ક્ષેત્રોમાં હાઈ એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. આતંકવાદીઓએ બપોરે ૩.૩૦ની આસપાસ પુલવામામાં એસબીઆઈ શાખાની સામે બનેલી પોસ્ટ પર ગ્રેનેડ ઝીંક્યો હતો. આ બ્લાસ્ટમાં સીઆરપીએફના એક જવાનને ઈજા થઈ હતી. ત્યારબાદ પુલવામા પોલીસ અને સેનાને બનાવ અંગે માહિતી આપવામાં આવી હતી. મોડી સાંજ સુધી ઓપરેશન જારી રહ્યું હતું. પુલવામામાં અગાઉ ૧૪મી ફેબ્રુઆરીના દિવસે જમ્મુ-શ્રીનગર હાઈવે પર સીઆરપીએફના કાફલાને ટાર્ગેટ બનાવીને આત્મઘાતી હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં ૪૦ જવાનો શહીદ થયા હતા. આ આતંકવાદી ઘટનામાં કાર બોમ્બનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.




ત્રાસવાદીઓ ફરી એકવાર સક્રિય થઈ રહ્યા હોવાની માહિતી મળી રહી છે. આજે ત્રણ જુદી જુદી ઘટનાઓ બની હતી. તે પહેલા સવારે નેશનલ હાઈવે પાસે બ્લાસ્ટ થયો હતો. ઈન્ટેલિજન્સ રેકોર્ડ મુજબ આ વર્ષે જમ્મુ કાશ્મીરમાં જ્યારે ત્રાસવાદી સંગઠનોમાં નહીવંત જેટલી ભરતી રહી છે જ્યારે ૫૦થી વધારે ત્રાસવાદીઓને લશ્કરી ઓપરેશનમાં મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે.

પાકિસ્તાન અને પોકમાંથી આ વર્ષે હજુ સુધી સેંકડો ત્રાસવાદીઓ દ્વારા ઘુસણખોરી કરવામાં આવી હતી. જ્યારે ગયા વર્ષે ૨૦૧૮માં આ આંકડો ૧૨૩ ઉપર રહ્યો હતો. જમ્મુ-કાશ્મીરમાં હિંસા ફેલાવવા માટે ત્રાસવાદીઓને ઘુસાડવા માટેના પ્રયાસ પુલવામા બાદ પણ પાકિસ્તાની સેના દ્વારા કરાઈ રહ્યા છે.

# શ્રીનગર હાઈ-વે પર કારમાં બ્લાસ્ટ

**એસઆરપી જવાનોના કાફલાનો બચાવ**

શ્રીનગર,તા.૩૦
જમ્મુ-કાશ્મીરમાં શ્રીનગર હાઈવે પાસે એક કારમાં વિસ્ફોટ થયો છે. વિસ્ફોટમાં કોઈ જાનહાનિ થઈ નથી. આ વિસ્ફોટ જે સેન્ટ્રો કારમાં થયો તેની પાસેથીજ સુરક્ષા દળનો કાફલો પસાર થઈ રહ્યો હતો. આ કાફલામાં ઝઈંહ્મની ૬-૭ બસો હતી અને આશરે ૪૦ જવાનો હતા. હાલ આ કાફલો રવાના થઈ ચુક્યો છે. આ અંગેની તપાસ શરૂ કરવામાં આવી છે. સુરક્ષા એજન્સીઓએ થોડા દિવસ પહેલા જ એલર્ટ આપ્યું હતું.

ઝઈંહ્મનાં સૂત્રોનાં કહ્યાં પ્રમાણે, પ્રાથમિક તપાસમાં મામલો કારમાં સિલિન્ડર બ્લાસ્ટનો લાગી રહ્યો હતો. જેનાથી કારનું ભરથુ થઈ ગયુ છે. આ કારનો માલિક પણ ગાયબ છે. સીઆરપીએફનો કાફલો આ ગાડીથી ઘણો દુર હતો. વિસ્ફોટ એટલો જોરદાર હતો કે દુર રહેલી સીઆરપીએફની એક બસને પણ સામાન્ય નુકસાન થયું છે. આ વિસ્ફોટમાં સીઆરપીએફના જવાન કે કોઈ પણ સામાન્ય નાગરિકને નુકસાન થયું નથી. પોલીસ આ ઘટનાની તપાસ કરી રહી છે.

ઝઈંહ્મના જવાનોનો કાફલો જ્યારે અહીંથી પસાર થઈ રહ્યો હતો. જેવો જ સીઆરપીએફનો કાફલો નજીક આવ્યો તેવી જ આ કાર બસ સાથે અથડાઈ અને જોરદાર વિસ્ફોટ થયો હતો. જેનાથી કાફલાની એક બસને સામાન્ય નુકસાન થયું હતું. જેમા બસના કાચ તૂટ્યા હતા. જો કે આ વિસ્ફોટ સમયે કાર ડ્રાઈવર હાજર ન હતો. જેથી સુરક્ષા એજન્સીઓની શંકામાં વધારો થયો છે. અને ડ્રાઈવરની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

## ન્યુઝ ટ્રેક

**રેલ્વેને ચૂંટણી પંચની નોટીસ**

ચૂંટણી પંચે રેલ્વે ટીકીટ પર વડાપ્રધાન મોદીનો ફોટો છાપવાના મામલે રેલ્વે મંત્રાલયને બીજી વખત નોટીસ ફટકારી છે. મંત્રાલયને આ મામલે જવાબ આપવા કહેવાયું છે. શતાબ્દી એકસપ્રેસમાં મેં ભી ચોકીદાર લખેલા મોદીની તસવીર સાથેના કપમાં ચા અપાતા આ મામલે પણ ભારે ઉહાપોહ મચ્યો હતો.

**ચીનની ફેક્ટરીમાં ભારે વિસ્ફોટ**

ચીનના શેનડોંગ પ્રાંતમાં એક ફેરટરીમાં વિસ્ફોટ થતા ૫ લોકોના મૃત્યુ નીપજ્યા છે જ્યારે ૩ લોકો ઘાયલ થયા છે. ફેકટરીના માલિકની ધરપકડ કરી પુછપરછ કરવામાં આવી રહી છે.

**● દિલ્હીની ઝુંપડપટ્ટીમાં ભીષણ આગ**

દિલ્હીના જૌનાપુર વિસ્તારમાં ઝુંપડપટ્ટીમાં સીલીન્ડર બ્લાસ્ટથી આગ ફાટી નીકળી હતી. આગની સૂચના મળતા જ ફાયરબ્રિગેડની ગાડીઓ ઘટનસ્થળે પહોંચી ગઈ હતી. આ ઘટનામાં અડધો ડઝન લોકો ઘાયલ થયા છે જેમનો સફદરજંગ હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

**જેટ એરવેઝના ૨૦૦ પાઈલટ્સ સોમવારથી હડતાલ પર**

નાણાકીય સંકટનો સામનો કરી રહેલી જેટ એરવેઝ કંપનીના આશરે ૨૦૦ જેટલા પાઈલટ્સ ૧ એપ્રિલથી હડતાલ પર ઉતરવાના છે. જેટ એરવેઝના પાઈલટ્સને છેલ્લા કેટલાક મહિનાઓથી પગાર મળ્યો નથી જેના કારણે તેઓએ ૧ એપ્રિલથી હડતાલ પર ઉતરવાનો નિર્ણય કર્યો છે.

**મુંબઇમાં ડીઆરઆઇએ ૧૦૬ કિલો સોનુ ઝડપ્યુ**

મુંબઈમાં DRIની ટીમે સૌથી મોટી ગોલ્ડ તસ્કરીનો પર્દાફાશ કર્યો છે. શહેરના ડોંગરી વિસ્તામાં DRIએ બાત્મીના આધારે દરોડા પાડ્યા. જે દરમ્યાન DRIની ટીમને ૧૦૬ કિલો સોનું મળી આવ્યુ હતુ.

# ત્રણ ભોજપુરી ફિલ્મી સ્ટાર ભાજપમાંથી ચૂંટણી લડશે

**સ્ટાર મનોજ તિવારી- રવિ કિશન બાદ દિનેશ લાલ યાદવ પણ ભાજપમાં સામેલ થયા બાદ પાર્ટી વધુ મજબુત બની**

નવી દિલ્હી,તા. ૩૦
લોકસભાની ચૂંટણી માટે તખ્તો તૈયાર થઈ ગયો છે ત્યારે તમામ રાજકીય પક્ષો પોત પોતાની તૈયારીમાં લાગી ગયા છે. ભાજપે આ વખતે અનેક ફિલ્મ સ્ટારોને પણ ચૂંટણી મેદાનમાં પ્રચાર માટે મેદાનમાં ઉતારી દીધા છે. મનોજ તિવારી, રવિ કિશન અને દિનેશ લાલ યાદવ બોલિવુડની ખાન ત્રિપુઠીની જેમ ગણવામાં આવે છે. હવે ભોજપુરી ફિલ્મની આ ત્રિપુઠી ભાજપમાં સામેલ થઈ ગયા બાદ પાર્ટીની સ્થિતી વધારે મજબુત દેખાઈ રહી છે. મનોજ તિવારી અને રવિ કિશન તો પહેલાથી જ ભાજપમાં સામેલ છે.

હવે દિનેશ લાલ પણ લખનૌમાં મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથના નેતૃત્વમાં ભાજપમાં સામેલ થઈ ગયા છે. આવી સ્થિતીમાં ભોજપુરી પટ્ટામાં અને ખાસ કરીને પૂર્વાંચલમાં ભાજપ આ ત્રણ સ્ટાર સાથે વધુ સારા દેખાવના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે. વર્ષ ૨૦૧૯માં લોકસભા ચૂંટણીમાં ગ્લેમરને ઉમેરી દેવાના પ્રયાસ થઈ રહ્યા છે. ભોજપુરી ફિલ્મના ત્રણ દિગ્ગજ એક સાથે ચૂંટણી મેદાનમાં છે. એમ માનવામાં આવે છે કે ભાજપ દ્વારા ટુંક સમયમાં જ ચૂંટણીને લઈને તેમની ભૂમિકા પણ નક્કી કરનાર છે.

# મોદી ૧૧મીએ વારાણસીમાં ઉમેદવારી નોંધાવશે

**૨૬મી એપ્રિલે બાબા વિશ્વનાથ મંદિરમાં દર્શન કરી વારાણસી સંસદીય મત વિસ્તારથી ઉમેદવારી કરશે : ૨૫મીએ મોદી વારાણીમાં રોડ શો કરશે : લંકાથી દશાશ્વમેઘ ઘાટ સુધી ૧૦ કિલોમીટરનો રોડ શો કરશે**

વારાણસી,તા. ૩૦
વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૫મી એપ્રિલના દિવસે વારાણસી પહોંચશે. ત્યારબાદ એજ દિવસે લંકાથી દશાશ્વમેઘ ઘાટ સુધી ૧૦ કિલોમીટર વિસ્તારમાં રોડ શો થનાર છે. આગામી દિવસે મોદી બાબા વિશ્વનાથ મંદિરમાં દર્શન કરશે. ત્યારબાદ વારાણસી સંસદીય સીટ પરથી ઉમેદવારી પત્ર દાખલ કરનાર છે. તે પહેલા વર્ષ ૨૦૧૪માં પણ મોદીએ વારાણસીમાંથી ઉમેદવારી પત્ર ભરતા પહેલા વિશાલ રોડ શો યોજીને તમામને પ્રભાવિત કર્યા હતા. દેશના સાંસ્કૃતિક પાટનગર તરીકે વારાણસીમાં રાજકીય તાપમાન સતત વધી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એકવાર વારાણસી લોકસભા બેઠક પરથી ચુંટણી મેદાનમાં છે. જ્યારે વિપક્ષે હજુ સુધી પોતાના પત્તા ખોલ્યા નથી. ભાજપના ઉચ્ચ સ્તરીય સૂત્રોના કહેવા મુજબ મોદીના ઉમેદવારીપત્રોને લઈને જોરદાર તૈયારીઓ ચાલી રહી છે. વારાણસી એકવાર ફરી ઉત્તરપ્રદેશના રાજકીય તાપમાનનું કેન્દ્ર બનવા જઈ રહ્યું છે. ગંગાની શાંત પાણીની ધારાના કિનારે રાજકીય લહેરો જોવા મળી રહી છે. અહીંની લોકસભા બેઠક પર પહેલાથી લઈને હજુ સુધી તમામ ચુંટણીઓ રોમાંચક રહી છે. જ્યારે આ સીટ પ્રદેશમાં જ નહીં બલ્કે દેશમાં કોંગ્રેસના મજબૂત ગઢ તરીકે હતી પરંતુ આરએસએસની જોરદાર પક્કડના પરિણામ સ્વરૂપે હવે આ



## ૨૦૧૪માં મોદી સામે કેજરીવાલ હાર્યા

વારાણસી, તા. ૩૦
વર્ષ ૨૦૧૪ની લોકસભા ચુંટણીમાં મોદી લહેર વચ્ચે સમગ્ર ઉત્તરપ્રદેશમાં ભારતીય જનતા પાર્ટીએ જોરદાર સપાટો બોલાવ્યો હતો. વારાણસી બેઠક પર મોદી પોતે મેદાનમાં ઉતર્યા હતા. ૨૦૧૪ની ચુંટણી ખૂબ જ રોચક રહી હતી. ગુજરાતમાંથી નીકળીને દેશની રાજનીતિમાં સક્રિય થયેલા નરેન્દ્ર મોદી આ બેઠક પરથી મેદાનમાં હતા ત્યારે તેમને પડકાર ફેંકવા માટે તે વખતે ચર્ચામાં રહેલા અને હાલમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ મેદાનમાં ઉતર્યા હતા. જોકે કેજરીવાલની કારમી હાર થઈ હતી. મોદીને રેકોર્ડ જીત મળી હતી. કેજરીવાલની આ બેઠક પર ત્રણ લાખથી પણ વધારે મતથી હાર થઈ હતી. આ વખતે મોદી સામે સમાજવાદી પાર્ટી અને બહુજન સમજા પાર્ટી તરફથી કોણ મેદાનમાં ઉતરે છે તેને લઈને હાલ ચર્ચા ચાલી રહી છે. ભારે સસ્પેન્સની સ્થિતિ જોવા મળી રહી છે.

# પદ્મરાજન ૧૭૦ વખત ચુંટણી હાર્યા છતાં ફરી મેદાનમાં

**હારવાનો રેકોર્ડ સર્જવાની દિશામાં આગળ વધ્યા : કલામથી લઈને વાજપેયી સુધી તમામની સામે લડી ચુક્યા**



ધરમપુરી,તા. ૩૦
દુનિયામાં કેટલાક લોકોના કેટલાક પ્રકારના ચોક્કસ લક્ષ્ય હોય છે. કેટલાક લોકો કઈ બનવા માટે આ રીતે આગળ વધે છે. જ્યારે કોઈ વ્યક્તિ રેકોર્ડ માટે પણ આગળ વધે છે. સૌથી વધારે વખત ચુંટણીમાં પરાજિત થવાના ગિનિઝ રેકોર્ડ બનાવવા માટે નિકળેલી એક વ્યક્તિ ૨૦૦મી વખત ઉમેદવારીપત્ર દાખલ કરી ચુકી છે. હજુ એકપણ વખત આ ઉમેદવારની જીત થઈ નથી. તમિલનાડુના સાલેમમાં રહેનાર પદ્મરાજનની વાત કરવામાં આવે તો ઈલેકશન કિંગ નામથી લોકપ્રિય પદ્મરાજન પોતાનું નામ ગિનિઝ રેકોર્ડમાં નોંધાવવા માગે છે અને તે પણ સૌથી વધારે હારનાર ઉમેદવાર તરીકે પોતાની ઉમેદવારી દાખલ કરાવવા માંગે છે. ૧૭૦ વખત ચુંટણી હારી ચુક્યા છે.

# ચોકીદારથી કોંગ્રેસ અને ત્રાસવાદી પરેશાન છે : મોદી

**ભારતે દુશ્મનના દેશમાં ઘુસી ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતાર્યા ત્યારે દેશના લોકો ખુશ હતા પરંતુ કેટલાક લોકો બેચેન હતા : કોંગ્રેસ પાસે મામાની ફોજ : આસામમાં નરેન્દ્ર મોદી ઝંઝાવતી પ્રચારમાં વ્યસ્ત રહ્યા**

ડિબ્રુગઢ, તા.૩૦
લોકસભા ચુંટણીથ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભાજપ તરફથી ચુંટણી પ્રચાર જોરદાર તીવ્ર બનાવી દીધો છે. આજે તેઓ આસામના ડિબ્રુગઢ પહોંચ્યા હતા જ્યાં તેઓએ એક જનસભાને સંબોધી હતી. જનસભામાં બોલતા મોદીએ આસામના ચા ઉદ્યોગના બહાને કોંગ્રેસ ઉપર પ્રહાર કર્યા હતા. મોદીએ કહ્યું હતું કે કોંગ્રેસને દરેક ચાવાળાથી નફરત છે અને ચાવાળાની ચિંતા અને પીડાને એક ચાવાળા વ્યક્તિ જ સમજી શકે છે. તેમણે કહ્યું હતું કે ભારતે દુશ્મનના ઘરમાં ઘુસીને મારવા



માટે સાહસ કરી બતાવ્યું છે. સમગ્ર દેશ ખુશ છે પરંતુ કોંગ્રેસના પરિવાર અને આતંકવાદીઓના ઘરમાં બેચેની જોવા મળે છે. વડાપ્રધાને કહ્યું હતું કે પાંચ વર્ષ પહેલા તેઓએ આશિર્વાદ આપ્યો હતો. જેના કારણે પૂર્વોત્તર અને આસામમાં અનેક વિકાસ કામો કરવામાં આવ્યા છે. છેલ્લા ૭૦ વર્ષમાં આસામના ૪૦ ટકા ઘર સુધી વીજળી પહોંચી હતી. આજે આસામના દરેક ઘરમાં વીજળી પહોંચી ચુકી છે. પાંચ વર્ષ પહેલા આસામના ૪૦ ટકા ઘરમાં જ ગેસ કનેકશનો હતા. પાંચ વર્ષ બાદ આ આંકડો ૮૫ ટકા પહોંચી ગયો છે.

# આભાર કોંગ્રેસ,અમારો માથાનો દુઃખાવો હવે તમારી પાસે : જેટલી

**નાણાંમંત્રી જેટલીએ ફેસબુક બ્લોગ લખી શત્રુનધ્ન પર પ્રહારો કર્યા**

ન્યુ દિલ્હી,તા.૩૦
ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના બાગી સાંસદ શત્રુધ્ન સિન્હા લોકસભાની ચૂંટણી પહેલાં જ કોંગ્રેસના ખેમામાં જવાને લઈ કેન્દ્રીય નાણાંમંત્રી અરૂણ જેટલી એ કટાક્ષ કર્યો છે. તેમણે અભિનેતામાંથી રાજનેતા બનેલા શૉટગનને પાર્ટી માટે માથાનો દુઃખાવો ગણાવ્યો છે અને કોંગ્રેસે તેને સ્વીકારવા માટે શુક્રિયા છે.

ફેસબુક બ્લોગ દ્વારા નાણાંમંત્રીએ કહ્યું કે ભાજપના જાણીતા કેટલાંક પૂર્વ ચહેરાઓને કોંગ્રેસે ગિફ્ટ તરીકે સ્વીકારી લીધા છે. અમે કોંગ્રેસનો તેના માટે આભાર માનીએ છીએ, કારણ કે અમારા માટે તેઓ માથાનો દુઃખાવો બની ચૂકયા છે. ગુડ લક.

ગઠબંધનને લઈ કોંગ્રેસને ઘેરતા જેટલીએ ગઠબંધનને રાજકીય સર્કસ ગણાવ્યું. મહાગઠબંધન પહેલાં જ ફેલ થઈ ચૂકયું છે, કારણ કે ત્રીજા તબક્કાના નામાંકનની તારીખ નજીક આવી રહી છે. ત્યાં કોઈ ગઠબંધન નથી. મહાગઠબંધનને એકલું રહેવા દો. ગઠબંધન પાસે ના તો કોઈ નેતા, ના કોઈ યોજના. આ લોકોના વિચાર પણ મળતા નથી. જ્યારે મુખ્ય કારણ સ્થિરતાની અછત પણ છે.નાણાંમંત્રીના મતે ગઠબંધનના દરેક નેતા પોતાની ઊંચાઈ ઈચ્છે છે. એ લોકોને લાગે છે કે તેઓ અરાજક સ્થિતિમાં સત્તા પ્રાપ્ત કરી શકે છે. આગળ તેમણે આ લિસ્ટ ટ્વિટ કરતાં લખ્યું કે આ વિભિન્ન સંસદીય ક્ષેત્રોની માહિતી છે, જે દર્શાવે છે કે કોંગ્રેસ ગઠબંધન માટે યોગ્ય ભાગીદાર નથી.

# અમદાવાદમાં અમિત શાહનો ભવ્ય રોડ-શો

**આધુનિક ચાણક્ય શાહના રોડ શોમાં એનડીએનું શક્તિ પ્રદર્શન : અમદાવાદના નારાયણપુરામાં સરદાર પટેલની પ્રતિમા પર પુષ્પાંજલિ સાથે રોડ શો શરૂ : લાખો લોકો ઉમટ્યા : એનડીએના તમામ દિગ્ગજો હાજર રહ્યા**



અમદાવાદ,તા. ૩૦
ભારતીય રાજનીતિમાં આધુનિક ચાણક્ય ગણાતા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે આજે ગુજરાતની ગાંધીનગર લોકસભા બેઠક પરથી ઉમેદવારીપત્ર ભર્યું હતું. ઉમેદવારીપત્ર ભરતા પહેલા અમિત શાહે ભગવા પાર્ટીના ગઢ ગણાતા ગાંધનગરમાં એનડીએમાં સામેલ સાથી પક્ષોના નેતાઓની સાથે ચાર કિલોમીટર સુધી રોડ શો યોજીને શક્તિ પ્રદર્શન કર્યુ હતું. અમિત શાહે નામાંકન માટે શુભ મૂહુર્તની પસંદગી કરી હતી. રોડ શોમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. અમદાવાદના નારાયણપુરા વિસ્તારમાં સવારે સરદાર પટેલની પ્રતિમા પર પુષ્પાંજલિ સાથે રોડ શોની શરૂઆત થઈ હતી. ત્યારબાદ ઘાટલોડિયા વિસ્તારમાં પાટીદાર ચોક ઉપર રોડ શોની પૂર્ણાહુતિ થઈ હતી. રોડ શોમાં એનડીએના તમામ નેતાઓ જોડાયા હતા. રોડ શો બાદ અમિત શાહ ગાંધીનગરમાં લોકસભા સીટ પર ઉમેદવારીપત્ર ભરવા પહોંચ્યા હતા. ગુજરાતમાં તમામ ૨૬ સીટો પર ૨૩મી એપ્રિલે મતદાન થશે. ઉમેદવારીપત્ર દાખલ કરવાની છેલ્લી તારીખ ચોથી એપ્રિલ છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે આજે ભાજપના ટોચના દિગ્ગજ રાષ્ટ્રીય અને પ્રાદેશિક નેતાઓ સહિત હજારો કાર્યકર્તાઓ, ધર્મગુરુઓ અને સમાજના પ્રતિષ્ઠિત આગેવાનોની હાજરી સાથે ભવ્ય મેગા રોડ શો યોજ્યા બાદ ગાંધીનગર ખાતે લોકસભા બેઠક માટે નામાંકન પત્ર ભર્યું હતું. ભાજપે અને સાથી પક્ષોએ પણ દેશને અને વિપક્ષોને એ સંદેશ પણ આપ્યો હતો કે એનડીએ એક થઈને નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ચૂંટણી લડી રહ્યો છે. આજે વહેલી સવારથી જ કાર્યકર્તાઓ અને નેતાઓ મોટી સંખ્યામાં અમિત શાહના નિવાસ્થાન નારણપુરા ખાતે ઊમટી પડ્યા હતા. પક્ષના કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ હતો. અમિત શાહ સવારે પોતાના પરિવાર સાથે ઘરની બહાર આવ્યા હતા. તેમની સાથે તેમની પત્ની, દીકરો, પુત્રવધૂ અને પૌત્રી હતાં. અમિત શાહે તેમની લાડકી પૌત્રીને વહાલ કરીને રોડ શોની શરૂઆત કરી હતી અને મોટી સંખ્યામાં મતદારો, સમર્થકોનું અભિવાદન ઝીલ્યું હતું અને સરદાર પટેલના બાવલાને પુષ્પહાર કરી પ્રણામ કર્યા હતા. અમિત શાહના રોડ શોમાં શિવસેના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરે,કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરી, ગૃહ પ્રધાન રાજનાથસિંહ, નાગરિક અન્ન અને પુરવઠા પ્રધાન રામવિલાસ પાસવાન, પંજાબના પૂર્વ મુખ્યપ્રધાન પ્રકાશસિંહ બાદલ, પૂર્વ પ્રદેશ પ્રભારી ભૂપેન્દ્ર યાદવ, હાલના ગુજરાત પ્રદેશ પ્રભારી ઓમ માથુર, મુખ્ય પ્રધાન વિજય રૂપાણી, નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલ, પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણી એનડીએ ઘટક પક્ષોના નેતાઓ સહિત રાજ્યનું પ્રધાનમંડળ ભાજપના હોદ્દેદારો જોડાયા રોડ શોમાં જોડાયા હતા. નારણપુરામાં સરદાર પટેલના બાવલા પાસે સંકલ્પ સભાને કેન્દ્રીય નેતાઓ સંબોધિત કરી હતી. જ્ઞાતિ સમાજને સાથી રાખીને અમિત શાહે સભા સંબોધિત કરી હતી. અમદાવાદમાં રોડ શો બાદ ગાંધીનગર લોકસભા બેઠક પર ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ આજે પરિવાર સાથે ઉમેદવારી નોંધાવવા પહોંચ્યા હતા. ગાંધીનગર કલેક્ટર કચેરીએ તેમણે રાષ્ટ્રીય નેતાઓ ગૃહમંત્રી રાજનાથસિંહ, ઉદ્ધવ ઠાકરે, અરૂણ જેટલી અને ગુજરાતના મુખ્યપ્રધાન વિજય રૂપાણીની હાજરીમાં ઉમેદવારી નોંધાવી હતી. મોટી સંખ્યામાં સમર્થકો અને રાષ્ટ્રીય નેતાઓ રથમાં સવાર થયા હતા.